# સુરત મહાનગરપાલિકા

કાર્યપાલક ઈજનેર
પૂર્વ (વરાછા) ઝોન–એ
સૈફી સોસા.પાસે, પંચવટી વાડીની સામે
લંબેહનુમાન રોડ, સુરત.

ફેક્ષ : (૦૨૬૧) ૨૫૪૩૬૪૦
ફોન : (ઓફીસ) ૨૫૫૧૩૬૩, ૨૫૪૭૭૫૦
એક્ષ. નં. ૨૦૩
ઈ–મેઈલ :exen.ez.south@suratmunicipal.org

ઈઝેડ/આ./નં. ૯૭૬૦
તાઃ ૧૯/૦૧/૨૦૨૩

## ભાવપત્રક

**પ્રતિ,**

**વિષય :–** પૂર્વ(વરાછા)ઝોન–એ વિસ્તારમાં આવેલ વિવિધ ગાર્ડનો તથા શાંતિકુંજમાં ડસ્ટબીન સ્ટેન્ડ સાથે ઈન્સ્ટોલ કરવાના કવોટેશન(ભાવો) મંગાવવા બાબત.

**સંદર્ભઃ–** મે. એડી.સીટી ઈજનેરશ્રી(સિવિલ)ની તા.૧૩/૦૧/૨૦૨૩ ના રોજની મંજુરી

મહોદય,

ઉપરોકત વિષયે જણાવેલ કામે સુરત મહાનગરપાલિકાના પૂર્વ(વરાછા)ઝોન–એ વિસ્તારમાં આવેલ વિવિધ ગાર્ડનો તથા શાંતિકુંજમાં બાગની સ્વચ્છતા અને સુંદરતા જળવાઈ રહે તેમજ સ્વચ્છતા સર્વેક્ષણ–૨૦૨૩ દરમ્યાન લીલો કચરો અને સુકો કચરો અલગ એકત્ર કરવા માટે તેમજ ફેંકવામાં આવતા કચરાના યોગ્ય નિકાલ માટે બે ડબ્બાવાળી ડસ્ટબીન મુકવાની જરૂરીયાત હોય,ડસ્ટબીનનું સ્ટેન્ડ, પેટી/ડોલ તેમજ ફીટીંગ ચાર્જ માટેના ઈજારદારે ભાવ આપવાના રહેશે.

ઈજારદારે દર્શાવેલ પત્રક –અ મુજબની વિગતો ધ્યાને લઈ તથા સામેલ શરતો મુજબ ભાવપત્રક(કવોટેશન) સીલબંધ કવરમાં તા. **૨૭/૦૧/૨૦૨૩** સુધીમાં રૂા. ૨૦૦૦.૦૦ ની. ઈ.એમ.ડી. સહિતનું ભાવપત્રક નીચે સહી કરનારની ઓફિસે મોકલવાના રહેશે. નિયત સમયમર્યાદા બાદનું ભાવપત્રક ગણતરીમાં લેવામાં આવશે નહી જેની સ્પષ્ટ નોધ લેશો.

પરિશિષ્ટ –અ

| કામની વિગત | ઉંચાઈ | અંદાજીત જથ્થો | ભાવ પ્રતિ નંગ (યુનિટ) (જી.એસ.ટી. સહિત ) | કુલ રકમ |
|---|---|---|---|---|
| પૂર્વ(વરાછા)ઝોન–એ વિસ્તારમાં આવેલ વિવિધ ગાર્ડનો તથા શાંતિકુંજમાં ડસ્ટબીન સ્ટેન્ડ સાથે ઈન્સ્ટોલ કરવાના કવોટેશન (ભાવો) મંગાવવા બાબત. | ૩૬ ઈચ + ૧૨ ઈચ | ૨૫ નંગ | | |
| | | | કુલ રકમ (આંકડામાં) | |
| | કુલ રકમ શબ્દોમાં :– | | | |

**<u>સ્પેશીફિકેશન :–</u>**

(૧) ઉંચાઈ ૩૬ ઈચ + ૧૨ ઈચ (જમીનની નીચે), પહોળાઈ ૩૬.૫ ઈચ
(૨) ડોલ (ડબ્બો) : ઉંચાઈ ૧૮ ઈચ, ડાયા :૧૨ ઈચ
(૩) સ્કવેર પાઈપ ૧.૨૫ ઈ.ચ એમ.એસ. પાઈપ
(૪) પ્લેટ ૧૮ ગેજ એમ.એસ. પ્લેટ, સાઈઝ ૩૪ ઈચ × ૬ ઈચ
(૫) ક્રોન્કિટ : ૧ : ૧ : ૧ ( સિમેન્ટ, રેતી, કપચી), ૧૨ ઈચ ખાડો
(૬) ડબ્બાનું ઢાંકણ : ૧૨ ઈચ ડાયામીટર

શરતો :–

(૧) અર્નેસ્ટમની ડીપોઝીટની રકમ રૂા. ૨,૦૦૦/– કમિશ્નરશ્રી, સુરત મહાનગરપાલિકાના નામનો સુરતની રાષ્ટ્રીયકૃત શીડયુલ બેંકના ડીમાન્ડ ડ્રાફટ / પે. ઓર્ડરથી સંમતિપત્રક સાથે કચેરીમા ટેન્ડર કલાર્કને આપવાની રહેશે.

(૨) ઈજારદારે આ સાથે સામેલ ડિઝાઈન મુજબ ઉપરોકત દર્શાવેલ સ્પેશીફિકેશન મુજબ સંપુર્ણ ડસ્ટબીન યુનિટ ઓઈલ પેઈન્ટ કલર સહિત બનાવવાની રહેશે, સુચવ્યા મુજબ કલરનો ઉપયોગ કરવાનો રહેશે,તેમજ સુચવ્યા મુજબ લખાણ કરવાનું રહેશે.

(૩) ઈજારદારે અત્રેની કચેરીએથી મળેલ સુચના મુજબ જે તે ડસ્ટબીન સ્વખર્ચે પહોંચાડવાની રહેશે.

(૪) ઈજારદારે સદરહું ડસ્ટબીન સ્વખર્ચે ૧૨ ઈંચ × ૧૨ ઈંચનો ખાડો કરી, ૧ : ૧ : ૧ ( સિમેન્ટ, રેતી,કપચી)નું ક્રોન્કિટ કરી ઈસ્ટોલેશન કરવાની રહેશે.(ઈન્સ્ટોલેશન કર્યા બાદ વધેલ માલ સ્થળ ઉપરથી ઉપાડી નિકાલ કરવાનો રહેશે.)

(૫) ઈજારદારશ્રી ધ્વારા ભાવપત્રક ભર્યા બાદ સક્ષમ સત્તાની મંજુરી સિવાય રદ થઈ શકશે નહી.

(૬) ઉપરોકત જણાવેલ કામના જથ્થામાં જરૂરીયાત મુજબ વધારા/ઘટાડો થઈ શકે તેમ છે.

(૭) ભરેલ ભાવપત્રક ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૮) ઈજારદારશ્રી ધ્વારા ભરેલ ભાવપત્રક સરકારશ્રી ધ્વારા નકકી કરેલ વર્તમાન લાગુ GST (Goods & Service Tax) સહીત ગણવાનું રહેશે.

(૯) સરકારશ્રી ધ્વારા લાગુ તમામ પ્રત્યક્ષ / પરોક્ષ વેરા સુરત મહાનગરપાલિકા ધ્વારા ઈજારદારશ્રી પાસે વસુલ લેવામાં આવશે.

(૧૦) ઉપરોકત કામની વધુ જાણકારી માટે અત્રેના ઝોનના હાઉસીગ વિભાગનો સંપર્ક કરવાનો રહેશે.

(૧૧) ઉપરોકત કામની સમયમર્યાદા <u>વર્કઓર્ડર આપ્યાની તારીખથી ૦૨(બે) મહિના</u>ની ગણવાની રહેશે.

(૧૨) ઉપરોકત કામે કોઈપણ તકરાર થશે તો કાર્યપાલક ઈજનેરશ્રીનો નિર્ણય આખરી અને ઈજારદારશ્રીને બંધનકર્તા રહેશે.

(૧૩) ઈજારદાર ધ્વારા જી.એસ.ટી રજીસ્ટ્રેશન તથા પાનકાર્ડની પ્રમાણિત નકલ રજુ કરવાની રહેશે.

સહી/ –
કાર્યપાલક ઈજનેર
જુના પૂર્વઝોન (વરાછા)–એ
સુરત મહાનગરપાલિકા

ઉપરોકત શરતો મે વાંચી છે અને મને મંજુર છે.
ઈજારદારની સહી તથા સિકકો


36.5"
36"
16.3
12"
5"
12"
સીમેન્ટ, રેતી, કપચી